# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૦૪ તા.૪-૧-૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ઉતરાણપર્વ નિમિત્તે ધ્યાનમાં રાખવાની બાબતો.

સંદર્ભ :- ઝુ ડાયરેકટરશ્રીનો નો ZSD નં.૫૯૪ તા.૧-૧-૧૯નો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભે જણાવવાનું કે, અંગતસચિવશ્રી, માન.મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ, પ્રવાસન, વન મહિલા અને બાળ કલ્યાણનું કાર્યાલય, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગરના પત્ર અન્વયે ઉતરાણ પર્વ નિમિત્તે તા.૧૦-૧-૧૯ થી તા.૨૦-૧-૧૯ સુધી રાજ્યવ્યાપી કરૂણા અભિયાનનું આયોજન કરેલ છે.

જેની બેઠકમાં થયેલ સૂચન અનુસાર અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન હસ્તકના સ્કૂલ બોર્ડની શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોને સવારે ૬-૦૦ કલાક પહેલાં તથા સાંજના ૬-૦૦ કલાક બાદ પતંગ ચગાવવા નહીં તે મુજબની પ્રતિજ્ઞા અપાવવી તથા વનખાતું કરૂણા અભિયાન પક્ષીઓ બચાવવા માટેની સીડી આપે તે સીડીની મુવી બાળકોને બતાવવી પક્ષી બચાવવા અંગે જાગૃતિ કેળવવી

નોંધ :- મ્યુનિ. સ્કૂલ બોર્ડની શાળાઓના ધાબા પર કોઈપણ વ્યક્તિ પતંગ ન ચગાવે તેનું ખાસ ધ્યાન રાખવું. આ સંદર્ભમાં અગાઉ કોઈપણ પ્રકારની મંજૂરી આપવામાં આવેલ હોય તો તે રદ ગણવાની રહેશે.

તા.૪-૧-૧૯

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૦૪-A તા.૪-૧-૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- પ્રાથમિક શિક્ષકો / ઉ.પ્રા.શિક્ષકોની બદલીઓ અન્વયે છુટા કરવા બાબત.

સંદર્ભ :- (૧) માન. નાયબ શિક્ષણ નિયામકશ્રીના પત્રક્રમાંક : પ્રાશિનિ / નીતિ / ૨૦૧૮ / ક / ૧-૫૫ / તા. ૦૧-૦૧-૨૦૧૯.

(૨) માન. નાયબ શિક્ષણ નિયામકશ્રીના પત્રક્રમાંક : પ્રાશિનિ/ નીતિ/ ૨૦૧૮/ ક/ ૬૩- ૧૧૮/ તા. ૦૩-૦૧-૨૦૧૯.

ઉપરોક્ત વિષય અને સંદર્ભિત પત્ર -૧ અન્વયે જણાવવાનું કે, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ હસ્તકની મ્યુનિ. શાળાઓમાં ફરજ બજાવતાં પ્રાથમિક શિક્ષકો / ઉ.પ્રાથમિક શિક્ષકો/ વિદ્યાસહાયકોની વર્ષ ૨૦૧૨ થી વર્ષ ૨૦૧૬ સુધીના ગાળામાં આંતરીક બદલીઓ, જિલ્લાફેર બદલીઓ તથા જિલ્લા વિભાજનના વિકલ્પ કેમ્પના કરવામાં આવેલ બદલી હુકમો હેઠળનાં જે પ્રાથમિક શિક્ષકો / ઉ.પ્રાથમિક શિક્ષકો/ વિદ્યાસહાયકોની સેટઅપના કારણે છુટા કરવામાં આવેલ નથી તેવા પ્રાથમિક શિક્ષકો / ઉ.પ્રાથમિક શિક્ષકો/ વિદ્યાસહાયકોને દિન - ૭ માં છુટા થવા આદેશ કરવામાં આવે છે.વધુમાં ઉપરોક્ત દર્શાવેલ સંદર્ભિત પત્ર -૨ અન્વયે જણાવવાનું કે, વર્ષ - ૨૦૧૭ ના પ્રથમ અને બીજા તબક્કાની ઓનલાઇન બદલીઓ અંગે નીચે મુજબ સૂચના આપવામાં આવે છે.

(૧) વર્ષ-૨૦૧૭ ના ઓનલાઇન બદલીના તા. ૧૧-૦૯-૨૦૧૭ થી તા. ૨૫-૦૯-૨૦૧૭ સુધીના પ્રથમ તબક્કા અને તા. ૦૬-૦૬-૨૦૧૮ થી તા. ૨૩-૦૬-૨૦૧૮ સુધીના બીજા તબક્કામાં જાહેર થયેલા ઓનલાઇન બદલી હુકમો ડાઉનલોડ કરી લેવાના રહેશે.

(૨) વર્ષ ૨૦૧૭ ના જિલ્લા ફેરબદલી તથા જિલ્લા વિભાજન અન્વયે વિકલ્પ કેમ્પ મુજબ થયેલા હુકમો હેઠળના તમામ શિક્ષકોને છૂટા કરવાના રહેશે.

તા.૪-૧-૧૯

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

બિડાણ :- માન.નાયબ શિક્ષણ નિયામકશ્રીના સંદર્ભ દર્શિત પત્રો.

ક્રમાંક:પ્રાશિનિ/નીતિ/૨૦૧૮/ક/ ૧-૫૫
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોકનં.૧૨/૧ ડૉ.જી.મ.ભવન,
ગુ.રા.ગાંધીનગર તા. ૧/૦૧/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણ સમિતિ, તમામ.
શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, તમામ.

વિષય : પ્રાથમિક શિક્ષકોની બદલીઓ અન્વયે છુટા કરવા બાબત.

સંદર્ભ : ૧. આ કચેરીના સરખાક્રમાંકના પત્ર નં. ૯૮૨૧-૭૫ તા.૩-૧૦-૨૦૧૭
૨. આ કચેરીના સરખાક્રમાંકના પત્ર નં. ૯૮૮૯-૯૯૪૫ તા.૭-૧૦-૨૦૧૭
૩. સી.એ.નં.૧૧/૨૦૧૮ ઇન સ્પે.સી.એ.નં. ૧૮૧૬૧/૨૦૧૭ નો નામ.હાઇકોર્ટનો આદેશ તા.૧૮-૧૨-૧૮

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે આ કચેરીના સંદર્ભ-૧ ના પત્રથી પ્રાથમિક શિક્ષકોની આંતરીક બદલીઓ, જિલ્લા ફેરબદલીઓ તથા જિલ્લા વિભાજન અન્વયે વિકલ્પના કેમ્પના હુકમો બાબતે સરકારશ્રીની મંજુરી મેળવીને વર્ષ-૨૦૧૨ થી વર્ષ-૨૦૧૭ સુધીના બદલી હેઠળના તમામ શિક્ષકોને છુટા કરવાની સુચનાઓ આપવામાં આવેલ હતી. ઉકત સુચનાઓ સામે નામ.હાઇકોર્ટ દ્વારા તા.૫-૧૦-૨૦૧૭ થી મનાઇ હુકમ આપવાના કારણે આ કચેરીના સંદર્ભ-૨ ના પત્રથી બદલી હેઠળના શિક્ષકોને છુટા ન કરવા સુચનાઓ આપવામાં આવેલ હતી. હવે, સંદર્ભ-૩ ના આદેશને ધ્યાને લઇ નીચે પ્રમાણે સુચના આપવામાં આવે છે.

૧. પ્રાથમિક શિક્ષકોની આંતરીક બદલીઓ, જિલ્લા ફેરબદલીઓ તથા જિલ્લા વિભાજનના વિકલ્પ કેમ્પના હુકમો અન્વયે બદલી હેઠળના જે શિક્ષકોને સેટઅપના કારણે છુટા કરવામાં આવેલ નથી, તેવા વર્ષ-૨૦૧૨ થી ૨૦૧૬ ના ગાળામાં થયેલ બદલી હુકમો હેઠળના તમામ પ્રાથમિક શિક્ષકો/વિધાસહાયકોને બદલીવાળી જગ્યાએ હાજર થવા માટે છુટા કરવાના રહેશે.

૨. પ્રાથમિક શિક્ષક/વિધાસહાયકના બદલી હુકમ મુજબની શાળામાં જ હાજર થવાનુ રહેશે. જો બદલીવાળી શાળામાં વધ થતી હોય તો જયારે વધની બદલીઓના કેમ્પ કરવામાં આવે ત્યારે શિ.વિ.ના તા.૨૩-૫-૨૦૧૨ ના ઠરાવના પ્રકરણ-ક ની સુચના ક્રમ- ૧૯ મુજબ બદલી હુકમની તારીખની સિનિયોરીટી ગણીને વધ નકકી કરવાની રહેશે.

૩. આ કામગીરી દિન-૭ માં પુર્ણ કરી છુટા કરેલ શિક્ષકોની વર્ષવાર યાદી આ કચેરીને રજુ કરવાની રહેશે.

નોંધ પરના મા.નિયામકશ્રીના આદેશ અનુસાર

(એમ.કે.રાવલ)
નાયબ શિક્ષણ નિયામક
ગુ.રા, ગાંધીનગર

નકલ સવિનય રવાના જાણ સારૂ:-
નાયબ સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-પ્રમુખશ્રી/ મહામંત્રી, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ, ગાંધીનગર.

Dpeo_18

ક્રમાંક:પ્રાશિનિ/નીતિ/૨૦૧૮/ક/ ૬૩ - ૧૨૮
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોકનં.૧૨/૧ ડૉ.જી.મ.ભવન,
ગુ.રા.ગાંધીનગર તા. ૩ /૦૧/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણ સમિતિ, તમામ.
શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, તમામ.

વિષય : પ્રાથમિક શિક્ષકોની બદલીઓ અન્વયે છુટા કરવા બાબત.

સંદર્ભ : ૧. આ કચેરીના સરખાકમાંકના પત્ર નં. ૯૮૨૧-૭૫ તા.૩-૧૦-૨૦૧૭
૨. આ કચેરીના સરખાકમાંકના પત્ર નં. ૯૮૮૯-૯૯૪૫ તા.૭-૧૦-૨૦૧૭
૩. સી.એ.નં.૧૧/૨૦૧૮ ઇન સ્પે.સી.એ.નં. ૧૮૧૬૧/૨૦૧૭ નો નામ.હાઇકોર્ટનો આદેશ તા.૧૮-૧૨-૧૮
૪. આ કચેરીનો પત્રક: પ્રાશિનિ/નીતિ/૨૦૧૮/ક/ ૪૩૫૫-૪૪૦૭ તા. ૨૭/૬/૨૦૧૮
૫. આ કચેરીનો પત્રક: પ્રાશિનિ/નીતિ/૨૦૧૮/ક/૧-૫૫ તા.૦૧/૦૧/૨૦૧૯

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે આ કચેરીના સંદર્ભ-૧ ના પત્રથી પ્રાથમિક શિક્ષકોની આંતરીક બદલીઓ, જિલ્લા ફેરબદલીઓ તથા જિલ્લા વિભાજન અન્વયે વિકલ્પના કેમ્પના હુકમો બાબતે સરકારશ્રીની મંજુરી મેળવીને વર્ષ-૨૦૧૨ થી વર્ષ-૨૦૧૭ સુધીના બદલી હેઠળના તમામ શિક્ષકોને છુટા કરવાની સુચનાઓ આપવામાં આવેલ હતી. જે નામ. હાઈકોર્ટના મનાઈહુકમના કારણે અમલ નહિ કરવા અત્રેના તા. ૦૭/૧૦/૨૦૧૮ ના પત્રથી જણાવેલ હતું. ત્યારબાદ ઓનલાઈન આંતરિક બદલી પ્રક્રિયામાં કોર્ટ મેટરના કારણે બીજા તબક્કા ( ભાવનગર, બનાસકાંઠા જિલ્લા માટે પ્રથમ તબક્કો) ની કાર્યવાહી વંચાણ ક્રમ-૪ ના તા.૨૭/૦૬/૨૦૧૮ ના પત્રથી સ્થગિત કરેલ હતી.

હવે, નામ. ગુજરાત હાઈકોર્ટના વંચાણ ક્રમ -૩ ના હુકમ અન્વયે વર્ષ -૨૦૧૭ ના પ્રથમ અને બીજા તબક્કાની ઓનલાઈન બદલીઓ અંગે નીચે મુજબ સૂચના આપવામાં આવે છે.

(૧) વર્ષ -૨૦૧૭ ના ઓનલાઈન બદલીના તા.૧૧/૦૯/૨૦૧૭ થી ૨૫/૦૯/૨૦૧૭ સુધીના પ્રથમ તબક્કા અને તા. ૦૬/૦૬/૨૦૧૮ થી ૨૩/૦૬/૨૦૧૮ સુધીના બીજા તબક્કામાં જાહેર થયેલા ઓનલાઈન બદલી હુકમો ડાઉનલોડ કરી લેવાના રહેશે.

(૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકરીશ્રીઓએ પ્રથમ/ બીજા તબક્કાના ઓનલાઈન બદલી હુકમો હેઠળના શિક્ષકોને છૂટા કરવાના રહેશે અને તે અંગે જરૂરી કાર્યવાહી દિન-૭ માં પૂર્ણ કરવાની રહેશે.

(૩) વર્ષ ૨૦૧૭ ના જિલ્લા ફેરબદલી તથા જિલ્લા વિભાજન અન્વયે વિકલ્પ કેમ્પ મુજબ થયેલા હુકમો હેઠળના તમામ શિક્ષકોને છૂટા કરવાના રહેશે.

નોંધ પરના મા.નિયામકશ્રીના આદેશ અનુસાર.

(એમ.કે.રાવલ)
નાયબ શિક્ષણ નિયામક
ગુ.રા, ગાંધીનગર

નકલ રવાના:-
નાયબ સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-પ્રમુખશ્રી/ મહામંત્રી, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ, ગાંધીનગર.

Dpeo_18